ટ્રમ્પના ટેરિફથી ભારતને કેટલું નુકસાન?

અમેરિકા હવે બંધ માર્કેટ જેવું રહેવાથી ચીન જેવા દેશો ભારતમાં નિકાસ વધારશે

ટેરિફ શું છે?

આ માલની આયાત પર લાદવામાં આવેલી કસ્ટમ્સ અથવા આયાત ડ્યુટી છે. આયાતકારે આ ડ્યુટી સરકારને ચૂકવવી પડે છે. સામાન્ય રીતે, કંપનીઓ આ કરવેરાને અંતિમ વપરાશકર્તાઓ પર પસાર કરે છે.

પારસ્પરિક ટેરિફ શું છે?

રેસિપ્રોકલ એટલે જેવા સાથે તેવા. અમેરિકાના સંદર્ભમાં જે દેશ અમેરિકી માલ પર જેટલા ટેરિફ લગાવે છે અમેરિકા પણ એ દેશના માલ પર એટલો ટેરિફ લગાવે.

ટ્રમ્પ દ્વારા ભારત પર કેટલો ટેરિફ લાદવામાં આવ્યો?

ભારતમાંથી આવતી ચીજવસ્તુઓ પર સ્ટીલ, એલ્યુમિનિયમ અને ઓટો પર પહેલેથી જ 25 ટકા ટેરિફ લાદવામાં આવ્યો છે. બાકીના ઉત્પાદનો માટે, ભારત 5થી 8 એપ્રિલ વચ્ચે 10 ટકાના બેઝ લાઇન ટેરિફને આધિન છે. ત્યારબાદ 9 એપ્રિલથી ટેરિફ વધીને દેશ-વિશિષ્ટ 27 ટકા થઈ જશે. 60થી વધુ દેશો આ પગલાંથી પ્રભાવિત છે.

અમેરિકાએ આ ટેરિફની જાહેરાત કેમ કરી છે?

અમેરિકાના જણાવ્યા અનુસાર, આ કરવેરાથી યુ. એસ.માં સ્થાનિક ઉત્પાદનને વેગ આપવામાં અને વેપાર ખાધ ઘટાડવામાં મદદ મળશે. અમેરિકા દેશો સાથે, ખાસ કરીને ચીન સાથે ભારે વેપાર અસંતુલનનો સામનો કરી રહ્યું છે. ભારત સાથે, યુ. એસ.ની 2023-24 માલસામાનમાં $35.31 બિલિયનની વેપાર ખાધ છે.

કયા તમામ ક્ષેત્રોને આ ટેરિફમાંથી મુક્તિ આપવામાં આવી છે?

તેમાં ફાર્માસ્યુટિકલ્સ, સેમિકન્ડક્ટર્સ, કોપર જેવી આવશ્યક અને વ્યૂહાત્મક વસ્તુઓ અને તેલ, ગેસ, કોલસો અને એલએનજી જેવા ઊર્જા ઉત્પાદનો સામેલ છે, એમ થિંક ટેન્ક જીટીઆરઆઈના વિશ્લેષણમાં જણાવવામાં આવ્યું છે.

ભારત હરીફો કરતા સારી સ્થિતિમાં

જોકે આ પગલાથી અમેરિકાની કેટલીક ચીજવસ્તુઓની નિકાસ પર અસર થવાની ધારણા છે, તેમ છતાં નિષ્ણાતોનું કહેવું છે કે ભારત તેના સ્પર્ધકો કરતાં વધુ સારી સ્થિતિમાં છે, જેમાં બાંગ્લાદેશ (37 ટકા), ચીન (54 ટકા), વિયેતનામ (46 ટકા) અને થાઇલેન્ડ (36 ટકા) સામેલ છે.

જેમ-જ્વેલરીને ફટકો

ગ્રાહકોની બદલાતી પસંદગીઓ, પ્રયોગશાળામાં વિકસાવવામાં આવેલી હીરાની ટેકનોલોજી, નોટબંધી અને સોનાની વધતી કિંમતોને કારણે છેલ્લા કેટલાક

વર્ષોથી સંઘર્ષ કરી રહેલા ભારતીય રત્નો અને ઝવેરાત ક્ષેત્ર માટે, યુએસ ટેરિફ હવે વધારાની પ્રતિકૂળ અસર પેદા કરે છે, જેમાં નોકરી ગુમાવવાનું અને માર્જિન ધોવાણનું જોખમ વધી જાય છે. રત્નો અને ઝવેરાતની નિકાસ 11.5 અબજ અમેરિકી ડોલર અથવા અમેરિકાની તમામ નિકાસના લગભગ 13 ટકા છે.

કાપડમાં ભારતને ફાયદો થઈ શકે

કાપડમાં ભારતને ફાયદો થઈ શકે છે કારણ કે તેના હરીફો બાંગ્લાદેશ, વિયેતનામ, કંબોડિયા, પાકિસ્તાન, ચીન અને શ્રીલંકામાં ઊંચા ટેરિફ લાદવામાં આવ્યા છે. અમેરિકા ભારતમાંથી 36 અબજ ડોલરથી વધુના કાપડની ખરીદી કરે છે, જે ભારતની નિકાસનો લગભગ 30 ટકા હિસ્સો છે.

ભારતના પોલિશ્ડ ડાયમંડ સહિતના સેક્ટર્સને ફટકો

આઇસીઆરએ લિમિટેડના ચીફ ઇકોનોમિસ્ટ, હેડ-રિસર્ચ એન્ડ આઉટરીચ, અદિતિ નાયરે જણાવ્યું હતું કે ટેરિફની જાહેરાતની અસર સ્ટીલ, નોન-ફેરસ મેટલ્સ, ઓટો કમ્પોનન્ટ્સ અને કટ અને પોલિશ્ડ હીરા જેવા કેટલાક ક્ષેત્રો માટે નકારાત્મક છે.

ભારત પર બહુ અસર નહીં પડે: રઘુરામ રાજન

આરબીઆઇના ભૂતપૂર્વ ગવર્નર રઘુરામ રાજને ગુરુવારે ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા આશરે 60 દેશો પર પારસ્પરિક ટેરિફને "સેલ્ફ ગોલ" ગણાવ્યું હતું અને કહ્યું હતું કે ભારત પર તેની અસર "ઓછી" હશે. એક સવાલના જવાબમાં તેમણે કહ્યું કે ભારત પર અમેરિકાની પારસ્પરિક ટેરિફ કદાચ અસંગત હશે, કારણ કે ભારત ઓછી નિકાસ કરે છે અને સ્થાનિક સ્તરે વધુ માલ જાળવી રાખે છે, અને ચીન જેવા અન્ય દેશો હવે ભારતમાં નિકાસ કરવાનો પ્રયાસ કરે છે કારણ કે અમેરિકાનું બજાર વધુ બંધ છે.

વક્ફ મુદ્દા પર જેડી(યુ)માં ઘમાસાણ, બેનાં રાજીનામાં

પાર્ટી કહે છે કે, રાજીનામું આપનારા પાર્ટીના કાર્યકરો નથી

પટણા, તા. 3 (પીટીઆઈ): બિહારમાં ઓછામાં ઓછા બે વ્યક્તિઓએ ગુરુવારે મુખ્યમંત્રી નીતિશ કુમારના જેડી(યુ)માંથી રાજીનામું આપવાની જાહેરાત કરી, જેમાં તેમણે કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર દ્વારા લાવવામાં આવેલા વક્ફ (સુધારા) બિલને પાર્ટીના સમર્થનથી અસંતોષ વ્યક્ત કર્યો હતો.

આ ઘટનાક્રમ પર નિરાશા વ્યક્ત કરતાં જેડી(યુ)ના રાષ્ટ્રીય પ્રવક્તા રાજીવ રંજન પ્રસાદે દાવો કર્યો કે પૂર્વ ચંપારણના રહેવાસી મોહમ્મદ કાસિમ અંસારી કે જમુઈના રહેવાસી નવાઝ મલિક અમારા કાર્યકરો નથી.

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક પત્રમાં અંસારી પૂર્વ ચંપારણમાં જેડી(યુ)ના મેડિકલ સેલના પ્રમુખ અને પાર્ટીના ઢાકા વિધાનસભા ઉમેદવાર હોવાનો દાવો કરે છે.

રસપ્રદ વાત એ છે કે, 2020માં જ્યારે ઢાકામાં જેડી(યુ) દ્વારા ચૂંટણી લડવામાં આવી ન હતી ત્યારે સાથી ભાજપના પવન જયસ્વાલ બેઠક જીતી ગયા હતા.

અન્સારીએ આરોપ લગાવ્યો હતો કે, વક્ફ બિલ મુસ્લિમો વિરુદ્ધ છે અને જેડી(યુ) દ્વારા તેને પસાર કરવામાં નિષ્ફળ જવા બદલ દુઃખ વ્યક્ત કર્યું, ભલે તે ગઠબંધન ભાગીદાર હોવા છતાં જેના પર ભાજપ સત્તામાં ટકી રહેવા માટે આધાર રાખતો હતો.

તેવી જ રીતે, મલિક, જેમણે પોતાને જેડી(યુ)ના લઘુમતી સેલના સચિવ ગણાવ્યા, તેમણે તેમના પત્રમાં આરોપ લગાવ્યો કે મુસ્લિમો અને અમારા જેવા કાર્યકરો વક્ફ બિલ મુદ્દા પર જેડી(યુ)ના વલણથી આઘાત પામ્યા છે.

અમેરિકાના દક્ષિણ, મધ્યપશ્ચિમ ભાગોમાં ઘાતક વાવાઝોડાઓ

એકનું મોત, વ્યાપક નુકસાન

વાવાઝોડાને પગલે અનેક વંટોળિયાઓ પણ સર્જાયા, તોફાની પવન ફૂંકાયો

અનેક વિસ્તારોમાં પાવર લાઇનો અને વૃક્ષો તૂટી પડ્યા, મકાનોનો છાપરા ઉડી ગયા, ઉત્તર આર્કાન્સાસમાં કાટમાળ હજારો ફૂટ ઉંચે ઉછળ્યો

આગામી દિવસોમાં આ જ વિસ્તારોમાં ભારે વરસાદ પડવાની અને પૂરની આગાહી

વૉશિંગ્ટન, તા. ૩(એપી): અમેરિકાના દક્ષિણ અને મધ્યપશ્ચિમના વિશાળ ભાગોમાં ઘાતક વાવાઝોડાઓ ફૂંકાયા હતા જેને પરિણામે કેટલાક વંટોળિયાઓ પણ સર્જાયા હતા અને આ તોફાનોમાં ઓછામાં ઓછા એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું, પાવર લાઇનો અને વૃક્ષો તૂટી પડ્યા હતા તથા અનેક મકાનોના છાપરાઓ ઉડી ગયા હતા.

બુધવારે આર્કાન્સાસ, ઇલિનોઇસ, ઇન્ડિયાના, મિઝોરી અને મિસિસિપીના કેટલાક ભાગોમાં વાવાઝોડા અને તીવ્ર વાવાઝોડાની ચેતવણી જારી કરવામાં આવી હતી જ્યારે કે સાંજે આ રાજ્યો અને અન્ય રાજ્યોમાં વાવાઝોડા આવ્યા હતા. હવામાન આગાહીકર્તાઓએ આ ઘાતક તોફાનો માટે ગરમી, અસ્થિર વાતાવરણ, તીવ્ર પવન ફૂંકાતા પવન અને અખાતમાંથી રાષ્ટ્રના મધ્ય ભાગમાં વિપુલ પ્રમાણમાં ભેજના પ્રવાહનું કારણ આપ્યું હતું. KFVS-TV ના અહેવાલ મુજબ, દક્ષિણપૂર્વ મિઝોરીમાં ઓછામાં ઓછા એક વ્યક્તિનું મોત થયું હતું, જ્યારે ઇન્ડિયાનાપોલિસના ઉપનગરમાં એક વેરહાઉસનો એક ભાગ તૂટી પડ્યો હતો, જેમાં ઓછામાં ઓછો એક વ્યક્તિ હંગામી રીતે અંદર ફસાઈ ગયો હતો. ઉત્તરપૂર્વ આર્કાન્સાસમાં એક જવલ્લે જ જારી કરાય તેવી ટોર્નેડો કટોકટી જારી કરવામાં આવી હતી, જ્યાં કાટમાળ હવામાં હજારો ફૂટ ઉંચે ઉછળ્યો હતો.

આગામી દિવસોમાં દક્ષિણ અને મધ્યપશ્ચિમના ભાગોમાં ઘોડાપૂરની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. લાંબા સમય સુધી ભારે વરસાદ પડવાને કારણે અનેક વિસ્તારોમાં પૂરની સ્થિતિ સર્જાઈ શકે છે. ઐતિહાસિક પ્રમાણમાં વરસાદ પડી શકે છે અને તેની અસરો જોવા મળી શકે છે એમ વેધર સર્વિસે આગાહી કરી હતી. ટેકસાસથી લઈને મિન્નેસોટો અને મેઈને સુધીના વિશાળ વિસ્તારમાં ૯ કરોડ કરતા વધુ લોકો તીવ્ર હવામાનના જોખમ હેઠળ છે એ મુજબ ઓકલાહોમા સ્થિત વાવાઝોડા આગાહી કેન્દ્રએ જણાવ્યું હતું.

૨૦૦ ભારતીય મુસાફરો તુર્કીના એક એરપોર્ટ પર ૧૬ કલાક સુધી ફસાયેલા રહ્યા

લંડનથી મુંબઇ આવતી વર્જિન એરલાઇનની ફ્લાઇટમાં મેડિકલ ઇમરજન્સી ઉભી થતા તુર્કીના એક એરપોર્ટ પર તાકીદનું ઉતરાણ કરવું પડ્યું

જે એરપોર્ટ પર ઇમરજન્સી લેન્ડિંગ કરાયું તે એરપોર્ટ લશ્કરી થાણાનું એરપોર્ટ હતું અને ત્યાં મુસાફરો માટે કોઇ સગવડો નહીં હતી

મુંબઇ, તા. 3: લંડનથી મુંબઇ આવી રહેલ વર્જિન એટલાન્ટિક એરલાઇનની એક ફ્લાઇટનું તુર્કીના એક એરપોર્ટ પર ઇમરજન્સી લેન્ડિંગ કરાયા બાદ આ ફ્લાઇટમાં મુસાફરી કરતા ૨૦૦ ભારતીય મુસાફરો ૧૬ કલાક કરતા વધુ સમય સુધી આ એરપોર્ટ પર ફસાયેલા રહ્યા હતા.

વર્જિન એટલાન્ટિકની આ ફ્લાઇટમાં ભરઆકાશે એક મેડિકલ ઇમરજન્સી ઉભી થતા તે ફ્લાઇટને નજીકના તુર્કીના દિયારબાકીર એરપોર્ટ પર તાકીદનું ઉતરાણ કરાવવું પડ્યું હતું એમ એક મીડિયા અહેવાલે જણાવ્યું હતું. લેન્ડિંગ કરતી વખતે વિમાનમાં ટેકનીકલ ગરબડ પણ સર્જાઇ હતી જો કે તેણે સલામત ઉતરાણ કર્યું હતું. એમ જાણવા મળે છે કે વિમાનમાં એક મુસાફરને પેનિક એટેક એટલે કે અચાનક ભયનો હુમલો આવ્યો હતો અને તેથી વિમાનને ઇમરજન્સી લેન્ડિંગ કરાવવું પડ્યું હતું. વિમાનને જ્યાં ઇમરજન્સી લેન્ડિંગ કરાવાયું હતું તે એક લશ્કરી થાણાનું એરપોર્ટ હતું અને ત્યાં મુસાફરોની સગવડ માટેની કોઇ વ્યવસ્થા ન હતી. વળી, લશ્કરી થાણુ હોવાને કારણે મુસાફરોને એરપોર્ટની બહાર પણ નિકળવા દેવાયા ન હતા અને તેમણે કલાકો સુધી આ એરપોર્ટમાં જ ફસાયેલા રહેવું પડ્યું હતું. મુસાફરોને પુરતી વિગતો પણ અપાઇ ન હતી અને ગુંચવાડો પ્રવર્તતો રહ્યો હતો.

ભારત ભારે બોજા સમાન ટેસ્ટિંગ અને સર્ટિફિકેશનના નિયમો લાગુ પાડે છે: વ્હાઈટ હાઉસ

કેમિકલ, ટેલિકોમ પ્રોડક્ટ્સ, મેડિકલ ડિવાઇસીઝ જેવા સેક્ટરોમાં ભારત મોકલાતી વસ્તુઓનું સખત ટેસ્ટિંગ થાય છે જેથી અમેરિકન કંપનીઓ માટે ભારતમાં વેચાણ કરવાનું મોંઘુ અને મુશ્કેલ બને છે

જો આવા બિન-ટેરિફ અવરોધો દૂર કરાય તો અમેરિકી કંપનીઓની નિકાસ વર્ષે ૫.૩ અબજ ડોલર વધી જાય

ન્યૂયોર્ક, વૉશિંગ્ટન, તા. ૩(પીટીઆઈ): ભારત કેટલાક સેકટરો જેવા કે કેમિકલ, ટેલિકોમ પ્રોડક્ટ્સ અને મેડિકલ ડિવાઈસીઝમાં આયાતી થતી વસ્તુઓની ચકાસણી અને પ્રમાણનની અસમાન રીતે બોજા સમાન જરૂરિયાતો લાગુ પાડે છે જેથી અમેરિકન કંપનીઓ માટે તે દેશમાં તેમના ઉત્પાદનો વેચવાનું મોંઘુ બને છે એ મુજબ વ્હાઇટ હાઉસે જણાવ્યું હતું.

અમેરિકી પ્રમુખ ટ્રમ્પે જે દેશો અમેરિકી વસ્તુઓ પર વેરાઓ લાદે છે તે દેશો સામે વ્યાપક રેસિપ્રોકલ ટેરિફો લાગુ કર્યા તે પછી જારી કરવામાં આવેલ એક ફેક્ટશીટમાં વ્હાઇટ હાઉસે જણાવ્યું હતું કે નોન-ટેરિફ અવરોધો પણ અમેરિકન કંપનીઓને વિશ્વના બજારો સુધી પહોંચવામાં અડચણો ઉભી કરે છે.

ભારતનું ઉદાહરણ આપતા વ્હાઇટ હાઉસે જણાવ્યું હતું કે ભારત કેમિકલ, ટેલિકોમ ઉત્પાદનો અને મેડિકલ સાધનો જેવા ક્ષેત્રોમાં તેની પોતાની અસમાન અને બોજારૂપ ટેસ્ટિંગ, ડુપ્લીકેટ ટેસ્ટિંગ અને સર્ટિફિકેશનનની જરૂરિયાતો લાગુ પાડે છે અને તેના કારણે અમેરિકન કંપનીઓ માટે ભારતમાં પોતાની વસ્તુઓ વેચવાનું મુશ્કેલ બને છે. જો આ અવરોધો દૂર કરવામાં આવે તો અમેરિકી નિકાસો વર્ષે ૫.૩ અબજ ડોલર વધી જઈ શકે છે.

વેપાર અસમતુલાની બાબતમાં વ્હાઇટ હાઉસે જણાવ્યું હતું કે ટ્રમ્પ અમેરિકી ધંધાઓ અને કામદારો માટે લેવલ પ્લેઈંગ ફિલ્ડ પર કામ કરે છે અને તેઓ અન્ય દેશો દ્વા લાદવામાં આવેલા ગેરવાજબી ટેરિફ અને બિન-ટેરિફ અવરોધો સામે લડી રહ્યા છે.

દિલ્હી-એનસીઆરમાં ફટાકડા પરનો પ્રતિબંધ હળવો કરવાનો સુપ્રીમનો ઈન્કાર

દિલ્હીમાં હજી પણ નોંધપાત્ર સમય સુધી વાયુ પ્રદૂષણ ખૂબ ઉંચુ રહ્યું છે અને અગાઉના આદેશ પર પુનર્વિચાર કરી શકાય તેમ નથી

નવી દિલ્હી, તા. ૩(પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે દિલ્હી- રાષ્ટ્રીય રાજધાની પ્રદેશમાં ફટાકડાઓના ઉત્પાદન, સંગ્રહ અને વેચાણ પર લાદવામાં આવેલો પ્રતિબંધ હળવો કરવાનો ઈન્કાર કરતા કહ્યું હતું કે દિલ્હીનું વાયુ પ્રદૂષણનું સ્તર નોંધપાત્ર સમય સુધી ભયસૂચક રહ્યું હતું.

જસ્ટિસ અભય ઓકા અને જસ્ટિસ ઉજ્જલ ભુયાનની બેન્ચે કહ્યું હતું કે વસ્તીનો મોટો ભાગ શેરીઓમાં કામ કરે છે અને પ્રદૂષણથી સૌથી વધુ પ્રભાવિત થાય છે. દરેક વ્યક્તિને પ્રદૂષણ સામે લડવા માટે પોતાના નિવાસસ્થાન અથવા કાર્યસ્થળ પર હવા શુદ્ધિકરણ પરવડી શકે તેમ નથી, એમ બેન્ચે જણાવ્યું હતું. છેલ્લા છ મહિનામાં આ કોર્ટે પસાર કરેલા અનેક આદેશો દિલ્હીમાં વાયુ પ્રદૂષણના ખૂબ ઊંચા સ્તરને કારણે પ્રવર્તતી ભયાનક પરિસ્થિતિને રેકોર્ડ પર લાવે છે... સ્વાસ્થ્યનો અધિકાર બંધારણના અનુચ્છેદ 21 નો આવશ્યક ભાગ છે અને આવો જ અધિકાર પ્રદૂષણ મુક્ત વાતાવરણમાં રહેવાનો પણ છે એમ કોર્ટે કહ્યું. જ્યાં સુધી કોર્ટ સંતુષ્ટ ન થાય કે કહેવાતા ગ્રીન ફટાકડાને કારણે પ્રદૂષણ ન્યૂનતમ હતું, ત્યાં સુધી અગાઉના આદેશો પર પુનર્વિચાર કરવાનો કોઈ પ્રશ્ન જ નથી, એમ અદાલતે વધુમાં જણાવ્યું હતું.

અદાલતે કહ્યું હતું કે ફટાકડાઓ પર પ્રતિબંધ ફક્ત દિવાળી પુરતો જ મર્યાદિત રાખવો અર્થહીન રહેશે, કારણ કે અગાઉથી તેની ખરીદી અને સંગ્રહ થઈ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે સર્વોચ્ચ અદાલત ફટાકડા ઉત્પાદકોની એ સંખ્યાબંધ અરજીઓની સુનાવણી કરી રહી હતી જે અરજીઓમાં આ પ્રતિબંધ હળવો કરવા અને ગ્રીન કેકર્સનું વેચાણ કરવા દેવાની માગણી કરવામાં આવી છે.

પીપીએફ ખાતાઓ માટે નોમિનીના અપડેટ માટે કોઈ ફી વસૂલવામાં આવશે નહીં: નાણા મંત્રી

નવી દિલ્હી, તા. 3 (પીટીઆઈ): નાણા પ્રધાન નિર્મલા સીતારમણે ગુરુવારે જણાવ્યું હતું કે, જાહેર ભવિષ્ય નિધિ (પીપીએફ) ખાતાઓ માટે નોમિનીના અપડેટ અથવા ઉમેરા માટે કોઈ ફી વસૂલવામાં આવશે નહીં. કારણ કે, સરકારે સૂચના દ્વારા જરૂરી ફેરફારો કર્યા છે. નાણા પ્રધાને તાજેતરમાં એક્સ પર એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, પીપીએફ ખાતાઓમાં નોમિનીની વિગતો અપડેટ/સુધારવા માટે નાણાકીય સંસ્થાઓ દ્વારા ફી વસૂલવામાં આવી રહી છે તેવી માહિતી આપવામાં આવી હતી. મંત્રીએ કહ્યું કે, પીપીએફ ખાતાઓ માટે નોમિનીના અપડેટ પરના કોઈપણ શુલ્કને દૂર કરવા માટે 2 એપ્રિલ, 2025ના રોજ ગેઝેટ સૂચના દ્વારા સરકારી બચત પ્રમોશન જનરલ નિયમો 2018માં હવે જરૂરી ફેરફારો કરવામાં આવ્યા છે.

રેસિપ્રોકલ ટેરિફના મામલે વિપક્ષના મોદી પર આકરા કટાક્ષો

મલ્લિકાર્જુન ખડગેએ મોદી-ટ્રમ્પ દોસ્તી પર કટાક્ષ કરતા કહ્યું કે આ દોસ્તી છતાં ટ્રમ્પે આપણને ફસાવી દીધા

વિપક્ષે કહ્યું કે સરકાર હવે મક્કમ ઉભા રહેવા કરોડરજ્જુ વિકસાવે તે જરૂરી છે

નવી દિલ્હી, તા. ૩: અમેરિકાના ટ્રમ્પ પ્રશાસન દ્વારા ભારત પર લાદવામાં આવેલા રેસિપ્રોકલ ટેરિફના મામલે વિપક્ષે આજે સંસદમાં સરકારને ભીંસમાં લીધી હતી અને વડાપ્રધાન મોદી પર આકરા કટાક્ષો કર્યા હતા.

વિરોધપક્ષની આગેવાની લેતા કોંગ્રેસના વડા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે વડાપ્રધાન મોદી સાથેની જાહેરમાં મિત્રતા છતાં અમેરિકી પ્રમુખ એવા વેપારી ડોનાલ્ડ ટ્રમ્પે ભારતને ફસાવી દીધું છે. કોંગ્રેસે કહ્યું હતું કે આ ૨૭ ટકાની આકરી આયાત ડ્યુટી એ ભારત અને અમેરિકા વચ્ચેની વેપાર મંત્રણાઓની નિષ્ફળતા છે.

પેજ 3

રોની સ્ક્રૂવાલા 1.5 બિલિયન ડોલરની સંપત્તિ સાથે બોલિવૂડના સૌથી અમીર

શાહરૂખ ખાન, સલમાન ખાન અને આમિર ખાનની સંયુક્ત સંપત્તિ કરતા પણ વધુ

મુંબઈ, તા.3: રોની સ્ક્રૂવાલાને ફોર્બ્સની 2025 અબજોપતિઓની યાદીમાં 1.5 બિલિયન ડોલરની કુલ સંપત્તિ સાથે યાદીમાં સ્થાન મળ્યું છે, જે શાહરૂખ, સલમાન અને આમિર ખાનની સંયુક્ત સંપત્તિને પાછળ છોડી દે છે. સ્ક્રૂવાલાએ પ્રોડક્શન અને બિઝનેસ દ્વારા આ સિદ્ધિ મેળવી છે. યુટીવીની સ્થાપના કરી અને પછી આરએસવીપી મૂવીઝ શરૂ કરી, જ્યારે ખાનોએ અભિનય અને ખ્યાતિથી તેમની સંપત્તિ મેળવી છે. બોલિવૂડ હંગામામાં પ્રકાશિત થયેલા એક અહેવાલ મુજબ, ફિલ્મ-નિર્માતા રોની સ્ક્રૂવાલાએ 1.5 બિલિયન ડોલરની કુલ સંપત્તિ સાથે ફોર્બ્સની 2025 અબજોપતિઓની યાદીમાં પ્રવેશ કર્યો છે, જે શાહરૂખ ખાન, સલમાન ખાન અને આમિર ખાનની કુલ સંપત્તિ (1.38 બિલિયન ડોલર)ને પાછળ છોડી દે છે. 2 એપ્રિલ, 2025ના રોજ જાહેર કરાયેલ આ સીમાચિહ્ન તેમને બોલિવૂડના સૌથી ધનિક વ્યક્તિ બનાવે છે, સૌથી મોટા સ્ટાર્સને પાછળ છોડી દે છે. ખાન બંધુઓથી વિપરીત, જેમણે અભિનય અને ખ્યાતિ દ્વારા પોતાની સંપત્તિ બનાવી હતી, રોની સ્ક્રૂવાલાએ પ્રોડક્શન અને બિઝનેસ દ્વારા પોતાનું નસીબ બનાવ્યું.

મુંબઈમાં જન્મેલા, 68 વર્ષીય રોની સ્ક્રૂવાલાએ વાણિજ્યનો અભ્યાસ કર્યા પછી 1970ના દાયકામાં ટૂથબ્રશ કંપની સાથે શરૂઆત કરી હતી. તેમણે 1980ના દાયકામાં કેબલ ટીવી સાથે મનોરંજન ક્ષેત્રમાં પ્રવેશ કર્યો અને બાદમાં 1990માં યુટીવીની સ્થાપના કરી.

અર્જુન કપૂર સાથે બ્રેકઅપ બાદ મલાઇકાએ તેના હાથ પર એક નવું ટેટૂ બનાવ્યું

મુંબઈ, તા. 3: અભિનેતા અર્જુન કપૂર સાથેના બ્રેકઅપ બાદ મલાઇકા તેના જીવનમાં આગળ વધી ગઈ છે. જીવન પ્રત્યે તેમનો અભિગમ ખૂબ જ સકારાત્મક છે. આ વાત ઘણીવાર તેમની સોશિયલ મીડિયા પોસ્ટ્સમાં પ્રતિબિંબિત થાય છે. મલાઇકાએ તાજેતરમાં એક નવું ટેટૂ બનાવ્યું છે. તેણીએ આ ટેટૂ તેના હાથ પર બનાવડાવ્યું છે, જે તેણીના તાજેતરની તસવીરમાં દેખાઈ રહ્યું છે.

મલાઇકા અરોરાએ ગુરુવાર 03 એપ્રિલના રોજ તેના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી ઘણી તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં અભિનેત્રીએ પોતાનું ટેટૂ પણ બતાવ્યું છે. મલાઇકાના હાથ પર લખેલું છે 'સબ્ર શુક'. એટલે કે, ધીરજ અને કૃતજ્ઞતા...

મલાઇકાના નવા ટેટૂનો અર્થ તેના જીવન સાથે જોડાયેલો છે.

માર્ક ઝુકરબર્ગે વોશિંગ્ટન ડીસીમાં 196 કરોડ રૂપિયાનો બંગલો ખરીદ્યો

વોશિંગ્ટન, તા.03: મેટાના સીઈઓ માર્ક ઝુકરબર્ગે અમેરિકાના વોશિંગ્ટન ડીસીમાં 15 હજાર ચોરસ ફૂટનો બંગલો ખરીદ્યો છે.

આ માટે તેમણે 2.3 કરોડ ડોલર એટલે કે 196 કરોડ રૂપિયા રોકડા ચૂકવ્યા છે. આ યુએસ રાજધાનીના ઈતિહાસમાં આ ત્રીજી સૌથી મોંઘી રિયલ એસ્ટેટ ડીલ છે. ઝુકરબર્ગે આ ડીલ ગુપ્ત રાખી હતી. આ ઘર વોશિંગ્ટનના પોશ વિસ્તાર વુડલેન્ડ નોર્મનસ્ટનમાં છે.

બિમ્સટેક ડિનરમાં મોદી અને યુનુસ એકસાથે બેઠા

તાજેતરમાં યુનુસે ચીનની મુલાકાત દરમિયાન ભારતનો ઉલ્લેખ કરીને વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી

બેંગકોક, તા. 3 (પીટીઆઈ): થાઈલેન્ડના વડા પ્રધાન પેટોંગટાર્ન શિનાવાત્રા દ્વારા અહીં બિમ્સટેક જૂથના નેતાઓ માટે આયોજિત રાત્રિભોજનમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને બાંગ્લાદેશના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસ એકસાથે બેઠા હતા. યુનુસના કાર્યાલયે ચાઓ ફ્રાયા નદીના કિનારે હોટલ શાંગરી-લામાં મોદીની બાજુમાં બેઠેલા બાંગ્લાદેશના મુખ્ય સલાહકારના ફોટોગ્રાફ્સ શેર કર્યા છે.

SARVAJANIK EDUCATION SOCIETY
MTB College Campus, Opp.Chowpaty, Athwalines, Surat - 395 001
Website : www.ses-surat.org

Tender Notice No: SES Ready Made Modular Office, Classroom Furniture 01-2025-26

Sarvajanik Education Society invite the tender for SES Ready Made / Modular Office, Classroom Furniture for IDPT (Architecture) building at MTB College Campus. Tender document can be uploaded on website www.ses-surat.org dated: 04-04-2025 after 11.00 am. All the details given in the website uploaded tender document.

Date : 04-04-2025 Secretary

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

સુરત જીલ્લાના તાલુકા અડાજણના શહેર સુરતના ગામ **મોજે અડાજણના રે.સ.નં. ૨૭૫, ૨૭૬, ૨૭૬/૨, ૨૭૮ પૈકી ટી.પી. સ્કીમ નં. ૧૩ ના ફાઈનલ પ્લોટ નંબરઃ ૮૪/એ થી નોંધાયેલી ૬૮૮૫ ચો.મી. જમીન ઉપર આયોજિત "મુકતાનંદ સોસાયટી"માં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નંબરઃ ૪૫થી ઓળખાતા પ્લીન્થનાં બાંધકામવાળી મિલકતના માલિક નારણભાઈ રામજીભાઈ ડુમસીયા** વાળી આવેલા હતા. તેઓ તા. ૪/૧૦/૨૦૦૪ના રોજ અવસાન પામેલ છે.તેઓએ તેમની હયાતીમાં તા. ૭/૧૦/૨૦૦૩ના રોજ કરેલ વીલ યાને વસીયતનામાના ફરમાન અનુસાર મજકુર ઉપરોકત મિલકત મહુમના પુત્રવધુ **હંસાબેન મોહનલાલ ડુમસીયા**ને માલિકી હકકે પ્રાપ્ત થયેલ છે. અને તે માલિકી હકક અને અધિકારીની રૂએ મજકુર મિલકત **હંસાબેન મોહનલાલ ડુમસીયા**એ તેમના પોતાની સ્વતંત્ર માલિકી અને પ્રત્યક્ષ કબજા, વપરાશમાં વાપી આવેલ હોવાનું જણાવી તથા યોગ્યા અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. પરંતુ મજકુર મિલકતના માલિક નારણભાઈ રામજીભાઈ ડુમસીયાએ તા. ૧૫/૦૩/૨૦૦૨ના રોજ અનુકમ નં. ૧૬૨૭ થી નોંધણી કરાવેલ **વેચાણ દસ્તાવેજની અસલ રજીસ્ટ્રેશન રસીદ** ગુમ થયેલ છે. જેથી, સદરહુ મિલકત ઉપર કોર્પોરા રાષ્ટ્રીયકૃત બેંક, સહકારી બેંક, નાણાંકીય સંસ્થા અન્ય કોઈપણ વ્યકિત યા ઈસમનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક, હિત, અધિકાર, દર-દાવો, કબજો-ભોગવટો વાપી આવેલ હોય તો તેઓએ **આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન- ૭ (સાત)**માં અમારા અસીલ તરફે અમોને પુરાવા સહિત લેખિતમાં જાણ કરશો. તેમ ન થતા મુદ્દત બાદ, કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક, હિત, દર-દાવો, કબજો-ભોગવટો ન હતો અને નથી તથા જો હોય તો તે છોડી દીધેલ છે તેમ સમજી અમારા અસીલ મજકુર વેચનારને કિંમતી વેચાણ અર્જેજ ચૂકવી તેઓ પાસેથી વેચાણ દસ્તાવેજ સહિત જરૂરી કાયદેસરના લખાણો કરાવી લેશે. જે અંગે કોઈની તર-તકરાર વાપી શકશે નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી. તા. ૦૪/૦૪/૨૦૨૫**

અસીલની સૂચનાથી
મનીષ સી. મહેતા એડવોકેટ તથા **અમીષ સી. મહેતા** એડવોકેટ એન્ડ નોટરી
ઓફિસ : ૩૧૧, વુડ સ્કવેર, વાસુપૂજયની બાજુમાં, વેલોસીટી બિલ્ડીંગની સામે, અડાજણ, સુરત. (મો.): ૯૮૨૫૬ ૮૫૨૫૪